**રાજકોટના મહે. જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફૅસ્ટ કલાસ(મેઈન)સાહેબની કોર્ટમાં, મુ: રાજકોટ.**

ફોજદારી કેસ નં.–૩૨૫૦૮/૨૦૨૧

**આંક–૧ નીચે હુકમ:**

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો કેસ જૂનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, કેસ સમન્સ ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપીની સામે  કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરિયાદપક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી.આ કામે જામીનદારને નોટીસ કાઢ વામા આવતા જામીનદારે જામીનની રકમ ભરી દીધેલ છે અને તેમને પણ આરોપી તેમના સંપર્કમા ન હોવાની રજુઆત કરેલ છે.જેથી જામીનની રકમ ભરતા જામીનખત પણ રદ કરવામા આવેલા છે.આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે. જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તં ત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

**<u>પી.રામચંદ્ર વિ કર્ણાટક રાજ્ય–૨૦૦૨(૨) જી.એલ.આર.પાના નં. ૧૫૪૯</u>**

ઉપરપ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીઓની ખંડપીઠે ઠરાવેલ છે કે, ''The Criminal Courts should exercise their avilable powers such as those under Sections 309, 311, 258 of the

code of Criminal Procedure, 1973 to effectuate the right to speedy trial.''

આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા. ૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા જીલ્લા અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ – ૨૫૮ અન્વયે સત્તાઓનો ઉપયોગ કરે.

આથી, કેસની હકીકતો, કેસની ન્યાયીક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ઘ્યાને લેતા, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::હુકમ::</u>**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓ ના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બિન–કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા:૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમા વાંચી જાહેર કર્યો.

તારીખ :–૧૪/૦૯/૨૦૨૪
સ્થળ :– રાજકોટ.

**(જુગલ જીતેન્દ્રકુમાર દવે)**
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(મેઈન),
રાજકોટ.
જી.જે.૦૧૫૩૨